Extra No. 48

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] FRIDAY, FEBRUARY 13, 2026 / MAGHA 24, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(W અને Y) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૩/૨૦૨૬ -ગુમચર સંસ્થાઓના અહેવાલો અને ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ છે કે ત્રાસવાદી તત્વો મહત્વના શહેરોમાં પ્રવાસીઓને રહેવાની સુવિધા આપતા સ્થળો જેવા કે ગેસ્ટહાઉસ, હોટલ વિગેરેમાં રોકાણ કરતા હોય છે અને શહેરોના સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવદી તેમજ અસામાજિક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ પરિસ્થિતી ને તિવારી શકાય અથવા તે અંકુશ મુકી શકાય તે સારૂ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતિ માટે ભયજનક વ્યકિતઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે, તે માટે ગુજરાત પોલીસ દ્વારા વેબડિઝાઈન કરવામાં આવેલ પથિક સોફ્ટવેરનું અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ ખાતે સર્વર કાર્યરત છે. આ સોફ્ટવેરમાં હોટલમાં રોકાણ કરનાર ગ્રાહકની માહિતીની હોટલ ખાતેથી ઈન્ટરનેટ દ્વારા એન્ટ્રી માટેનું સિક્યોર વેબ પોર્ટલ બનાવવામાં આવેલ છે. આ સોફ્ટવેર સાથે રજીસ્ટર થયેલ હોટલ ધારક જ એસ.ઓ.જી. શાખા, પોલીસ અધિક્ષકશ્રીની કચેરીથી આપવામાં આવેલ યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે. આમ આ સોફ્ટવેર કોઈ નવી હોટલમાં -૩ ઈન્સ્ટોલ કરવા માટે જે તે સ્થળ પર જવાની જરૂર નથી પરંતુ એસ.ઓ.જી. શાખ પોલીસ અધિક્ષકશ્રી, આણંદની કચેરી દ્વારા જે તે હોટલના રજીસ્ટ્રેશનને લગતી માહિતી સર્વરમાં સ્ટોર કર્યા બાદ યુજરનેમ અને પાસવર્ડ આપતાં હોટલ આ સિસ્ટમ સાથે જોડાઈ જાય છે. જે આધારે હોટલમાં રોકાણ કરવા આવનાર ગ્રાહકની મહત્વની તમામ માહિતી પોલીસને તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ થઈ જાય છે.

પથિક સોફ્ટવેરની મદદથી બે પ્રકારની કામગીરીમાં મદદ મળે છે. (૧) પ્રિવેન્શન ઓફ ક્રાઈમ અને (૨) ડીટેક્શન ઓફ ક્રાઈમ. હાલમાં આણંદ જિલ્લામાં હોટલોનો નોંધપાત્ર વધારો થવા પામેલ છે. આ સંજોગોમાં તમામ હોટલો ચેક કરવી ખૂબ જ મુશ્કેલ છે, જે પ્રક્રિયા માનવ સમયનો વ્યય સાબિત થાય છે. જ્યારે પથિક સોફ્ટવેરની મદદથી એક જ જગ્યાએ બેસીને શહેરની તમામ હોટલો ચેક કરી શકમંદ વ્યક્તિઓની ઓળખ કરી, હોટલ ખાતે જઈ પ્રત્યક્ષ ચકાસણી કરી શકાય છે. તેમજ આ સોફ્ટવેરમાં અગાઉથી કોઈ પણ શકમંદ વ્યકિતની માહિતી નાખવામાં આવેલ હોય અને તે વ્યકિત શહેરની કોઈ પણ હોટલમાં રોકાણ કરે તો તેની જાણ તાત્કાલિક થઈ શકે છે. જેથી ગુનાઓ બનતા અટકાવી શકાય છે. ઉપરાંત કોઈ તહેવાર, વી.વી.આઈ.પી. વીઝીટ અથવા ઈનપુટ સબંધે તમામ હોટલ ચેકીંગ દરમ્યાન આ સોફ્ટવેર ઉપયોગી નીવડી શકે છે.

આધુનિક સમયમાં ઝડપી અને સગવડભર્યા ટ્રાન્સપોર્ટેશનના કારણે શહેર/જિલ્લાઓમાં રોકાણ માટે હોટલ અને ગેસ્ટહાઉસના વ્યાપમાં વધારો થયેલા છે. આ સાથે ગુન્હેગારોનુ કાર્યક્ષેત્ર પણ સ્થાનિક ગામ, શહેર કે રાજય પુરતુ મર્યાદિત થયેલ નથી. રાજય બહાર કે અન્ય શહેરના ગુનેગાર આવી શહેરની હોટલ કે ગેસ્ટ હાઉસમાં રોકાણ કરી ગુન્હાને અંજામ આપી હોટલ ગેસ્ટહાઉસમાંથી નીકળી જતા હોય છે. આવા સંજોગોમાં ગુન્હા બન્યા પહેલા રોકાયેલા અને બાદમાં હોટલમાંથી નીકળી ગયેલા ઈસમોની માહિતી મેળવવામાં લાંબો સમય નીકળી જતો હોઈ પોલીસ પાસે માહિતી

ઉપલબ્ધ થાય ત્યાં સુધીમાં ગુનાની તપાસમાં ઘણું નુકશાન જાય છે. પરંતુ પથિક સોફ્ટવેરની મદદથી ખુબ જ ઓછા સમયમાં સમગ્ર વિસ્તારની માહિતી ઉપલબ્ધ કરી શકાય છે.

આ સોફ્ટવેરના રાજયવ્યાપી અમલીકરણનુ મુખ્ય કારણ સાંપ્રદ સમયમાં બનતા ગુન્હા/આતંકવાદી ઘટનાઓને અટકાવવા તેમજ આકસ્મિક બનાવ સમયે કાયદો વ્યવસ્થા સાચવવાના સંજોગોમાં તમામ હોટલોને એક સાથે ચેક કરવાની મેન્યુઅલી કામગીરીને પહોંચી વળવાનુ છે. જિલ્લામાં આ સોફ્ટવેરનો ઉપયોગ કાર્યરત કરવામાં આવે તો આંતર રાજય તેમજ આંતર જિલ્લાના ગુન્હેગારો તેમજ આતંકવાદ જેવા ગંભીર બનાવોને અટકાવી શકાય તેમજ બનેલ ગુન્હાઓ શોધવા માટે સમગ્ર રાજયની પોલીસ સંકલનમાં રહી ખુબ જ ઓછા સમયમાં પરિણામલક્ષી કામગીરી કરી શકાય, તેમજ એકસુત્રતા સાથે સરળતાથી મોટાપાયે તપાસમાં ઉપયોગી સાબીત થઈ શકશે. જેથી આ સોફ્ટવેરનો મહત્તમ ઉપયોગ કરવા રાજય વ્યાપી અસરકારક અને પરિણામલક્ષી અમલવારી કરવામાં આવે તે આવશ્યક છે.

સબબ હું ઋતુરાજ દેસાઈ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (W અને Y) થી મને મળેલ સત્તાની રૂએ આણંદ જિલ્લામાં આવેલ તમામ હોટલ, લોજ, ગેસ્ટહાઉસ, ધર્મશાળા, પી.જી. હાઉસના માલિકોને નીચે મુજબની કામગીરી/ અમલવારી માટે હુકમ કરૂ છું.

'જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર "

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આણંદની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

"જાહેરનામા મુજબ હોટલ/લોજ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળા/પી.જી. હાઉસના માલીક/અધિકૃત વ્યકિતએ કરવાની અમલવારી"

(૧) આણંદ જિલ્લામાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળાઓ/પી.જી. હાઉસના માલિકોએ ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળાઓ/પી.જી. હાઉસના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું જેમાં "PATHIK" (Programme for Analysis of Traveller & Hotel Informatics) સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ સોફ્ટવેરમાં કરવાની રહેશે.

(૨) વધુમાં જિલ્લામાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળા/પી.જી. હાઉસ ઉપર જે માણસો આવીને રોકાણ કરે છે તેમના નામ, સરનામા, મોબાઈલ/ ફોન નંબર ઉપરાંત જે મુસાફરો રાત્રી રોકાણમાં આવે છે તે જે વાહનનો પ્રકાર, વાહન રજિસ્ટ્રેશન નંબર તથા પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલા હોય તો તે મુજબની તમામ વિગતો તેમજ તેમના ઓળખાણના પુરાવા મેળવી તેની નોંધ PATHIK (પથિક) સોફ્ટવેરમાં ફરજિયાત ઓનલાઈન ચઢાવવાની રહેશે.

" જાહેરનામા મુજબ પોલીસ થાણા અમલદારે કરવાની કાર્યવાહી "

ઉપરોકત ૧ થી ૨ મુદ્દાની લાગુ પડતા તમામ (પ્રવાસીઓને રહેવાની સુવિધા આપતા) હોટલ, ગેસ્ટ હાઉ વિગેરે એકમ માલિકો ધ્વારા અમલ થાય તે જોવાની જવાબદારી જે તે વિસ્તારના પોલીસ થાણા અમલદારની રહેશે. દરેક થાણા અમલદારે પોતાના વિસ્તારના આવા એકમોની અવારનવાર મુલાકાત લઈ આ જાહેરનામાની અમલવારી જાતે સુનિશ્ચિત કરવી. અને તાબાના પોલીસ કર્મીઓને આ કામે અધિકૃત ન રાખતાં જાતે અવશ્ય ચકાસણી રાખવી. અને માસ દરમ્યાન મુલાકાત લીધેલ આવા એકમો અંગેનો રીપોર્ટ પોલીસ અધિક્ષકશ્રીને દર માસે મોકલવો.

આ જાહેરનામાનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે. આ જાહેરનામું બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

"જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ".

આ હુકમનો ભંગ કરનાર હોટલ/ગેસ્ટહાઉસ/લોજ/ધર્મશાળા/પી.જી. હાઉસના માલિકો ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૯/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયે.

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૪/૨૦૨૬-આગામી તા.૧૫/૦૨/૨૦૨૬ના રોજ મહાશિવરાત્રીના પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧), ૩૭(૩) અન્વયે તા.૦૩/૦૨/૨૦૨૬ થી તા.૧૭/૦૨/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામું પ્રસિદ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૩૧/૦૧/૨૦૨૬ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય/જાહેરનામુ/૨૭૦/૨૦૨૬ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઇ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૦૩/૦૨/૨૦૨૬ થી તા.૧૭/૦૨/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઇજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી. ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ. રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ: આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા૦૨/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.03.09 15:10:10 IST